

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર | Mo- 9016924808 | સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 09,(SURAT), DATE-21/08/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૦૯, (સુરત), તા.૨૧/૦૮/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ભરૂચ ભાડભૂત બેરેજ જમીન સંપાદનનો મામલો, વર્તમાન જંત્રી પ્રમાણે ભાવ મળે તેવી ખેડૂતોની માંગ

3 વ્યારાના ઉનાઇ નાકેથી ૧.૬૨ લાખના દારૂ સાથે ૨ ઝડપાયા

4 ખોડતળાવમાં પાલતું પશુઓનો શિકાર કરનારો દીપડો પાંજરમાં


## બારડોલીમાં ખાનગી જમીનમાં આવતા ગણેશ વિસર્જન ઓવરાના થોડા હિસ્સાને દુર કરાશે



બારડોલી- બારડોલી નગરમાંથી પસાર થતી મીંઢોળા નદી કિનારે રામજી મંદિર નજીક નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ ઓવારાનો કેટલોક હિસ્સો ખાનગી જમીનમાં હોય, જે અંગે મામલો કોર્ટમાં ગયો હતો, કોર્ટના આદેશમાં પાલિકાને તોડી જમીનનો કબ્જો માલિકને સોંપવા જણાવતા રવિવારે બે જેસીબીથી તોડવાની શરૂઆત કરી હતી.

બારડોલી નગરમાંથી પસાર મીંઢોળા નદી કિનારે નગરપાલિકાએ વર્ષ ૧૯૯૯ માં ગણેશ વિસર્જન માટે પગથિયાં બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૦૦૭ માં સિમેન્ટ કોન્ક્રીટ કરી ઓવારો મોટો કરવામાં આવ્યો હતો. આ ઓવારાનો કેટલોક ભાગ ખાનગી જમીનમાં હોવાથી જમીન માલિક બળવંતસિંહ પરમારે પોતાની જમીન પરત મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. જે કેસ કોર્ટમાં ચાલી જતા, અંદાજીત સાત વર્ષે ચુકાદો આવ્યો હતો. કોર્ટે પાલિકાને મૂળ માલિકને તેની જમીનની કબ્જો સાત દિવસમાં સુપરત કરવાનો હુકમ કર્યો હતો. કોર્ટના આદેશ બાદ નગરપાલિકાએ જરૂરી માપણી કરાવી હતી.

દરમ્યાન ઓવારાનો જેટલો ભાગ ખાનગી માલિકીનો છે તે પગથિયા સાથેની ભાગ તોડવા માટે રવિવારે રજા હોવા છતાં સવારથી પાલિકા તંત્ર ઓવારો તોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ઓવારો તોડવામાં આવતા બારડોલીમાં ગણેશ વિસર્જનને લઈ મોટી મુશ્કેલી ઊભી થઈ શકે છે. હાલમાં જ માટીની ૩ ફૂટ સુધીની મૂર્તિ મીંઢોળા નદીમાં વિસર્જનની પરવાનગી આપવામાં આવી છે. પાલિકાએ ગણેશ વિસર્જન ઓવારા પર બનાવેલ સિમેન્ટ કોંક્રિટ કામ કર્યું હતું. જે ૧૦૦ ટકાથી અંદાજીત 30 ટકા તોડવામાં આવશે. બાકીનો ભાગ નગરજનો વાપરી શકાશે.

## શંકરસિંહ વાઘેલા અને અમિત શાહ વચ્ચે બંધ બારણે બેઠક યોજાઇ, નવાજૂની થવાના એંધાણ



ગુજરાતમાં રાજકારણના બે મોટા નેતાઓ વચ્ચે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજાઇ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા વચ્ચે બેઠક યોજાતા ગુજરાતના રાજકારણમાં કંઇક નવાજૂની થવાના એંધાણ જોવા મળી રહ્યા છે. ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલ થવાની ચર્ચાએ રાજકીય વર્તુળમાં જોર પકડ્યું છે. જો કે શંકરસિંહ વાઘેલાએ ઔપચારિક બેઠક હોવાનું જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી રાજકારણ અને સમાચારોથી દૂર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરી એકવાર ચર્ચામાં આવી ગયા છે. આજે ગાંધીનગર ખાતે આવેલા સર્કિટ હાઉસમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને શંકરસિંહ વાઘેલા વચ્ચે મીટિંગ યોજાઇ હતી.

આ મુલાકાત બાદ રાજકીય વર્તુળોમાં ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલની ચર્ચાઓ થઇ રહી છે. આ મુલાકાતને મોટા રાજકીય ફેરફારના સંકેત તરીકે જોવામાં આવી રહી છે. મુલાકાતને લઇને શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે આ માત્ર એક શિષ્ટાચાર મુકાલાત હતી, અમે સાથે મળીને ચા-પાણી કર્યા અને ઘણી વાતો કરી હતી. હું દીકરા મહેન્દ્રસિંહ વાઘેલાની રાજકીય કારકિર્દીની ચર્ચા કરવા ગયો હતો. જો કે આ બેઠક બાદ શંકરસિંહ વાઘેલાના પુત્ર ભાજપમાં જોડાઈ શકે છે તેવી ચર્ચાઓ પણ શરૂ થઇ ગઇ છે, પરંતુ આ અંગે કોઇ ચોક્કસ માહિતી મળી નથી.

## સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં વાતાવરણમાં પલટો, શાહ સહિતના ગામોમાં ધીમી ધારે વરસાદી શરૂ થયો



બારડોલી- સુરત જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. સવારથી કાળા ડીબાંગ વાદળો ઘેરાયા હતા. જે બાદ વરસાદી માહોલ જોવા મળ્યો છે. માંગરોળ, કનવાડા, કોસાડી સહિતના ગામોમાં ધીમીધારે વરસાદ શરૂ થયો છે. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

ચોમાસાની શરૂઆત સાથે સુરત જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર જોવા મળી હતી. જો કે છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે વિરામ લીધો છે. જેને લઇને ગરમી અને બફારાનો અનુભવ લોકો કરી રહ્યા છે, એવામાં આજે સવારથી સુરત જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો છે.

સુરત જિલ્લામાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા હતા અને માંગરોળ, કનવાડા, શાહ સહિતના ગામોમાં ધીમીધારે વરસાદ શરૂ થયો છે. વરસાદના કારણે વાતાવરમાં ઠંડક પ્રસરી હતી.

## અંધશ્રદ્ધા, કાળા જાદુ કરતા પાખંડીઓ સામે ગુજરાત સરકારની લાલ આંખ, ચોમાસુ સત્રમાં લાવશે વિધેયક



ગુજરાત વિધાનસભાના ૨૧ મી ઓગસ્ટથી શરૂ થતાં ત્રણ દિવસના ચોમાસુ સત્રમાં સરકારે ચાર વિધેય લાવવાનું નક્કી કર્યું છે. જેમાંથી એક વિધેયક અંધશ્રદ્ધા અને કાળા જાદુ વિરોધી પગલાં સૂચવતું છે અને બીજું દારૂ કે કેફી પદાર્થોમાં જપ્ત કરાયેલા વાહનોનો તત્કાલ નિકાલ કરવાનું છે. આ ઉપરાંત બીજા બે વિધેયક કેન્દ્રીય કાયદા સુધારાને આનુષાંગિક છે.

ગુજરાતમાં અજ્ઞાનતાના કારણે ઘણી જગ્યાએ અનિષ્ટ અને દુષ્ટ પ્રથા ચાલતી આવે છે. જેમાં માનવ બલિદાન, વાળથી બાંધી લટકાવવાના બનાવો, મરચાંનો ધુમાડો કરવાની કેભૂત અને ડાકણ કાઢી આપવાના કૃત્યો, અઘોરી પ્રથા અને કાળા જાદુના પ્રયોગ થતાં હોય છે. કોઈ વ્યક્તિ કહેવાતા ચમત્કારો હેઠળ નાણાંનું ઉપાર્જન કરી લોકોને ત્રાસ આપે છે. અલૌકિક શક્તિના આશીર્વાદ મેળવવાના હેતુંમાટે કોઈની જિંદગી જોખમમાં મૂકે છે. વશીકરણ કરે છે અથવા તો જાદુનો વ્યવસાય કરે છે. આ તમામ પ્રવૃતિ ઉપર ગુજરાતમાં પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવી પ્રથાઓ અને તેના પ્રસાર પર રોક લગાવવા ઉપરાંત તેનું નિર્મૂલન કરવા વિશેષ અને કડક કાયદો બનાવવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટના આદેશને ધ્યાને લઈને રાજ્ય સરકારે અંધશ્રદ્ધા અને કાળા જાદુ સામે વિશેષ કાયદો લાવવાની તૈયારી કરી છે. આ વિધેયકમાં ૧૪ એવા મુદ્દાને આવરી લેવાયા છે કે જે અંધશ્રદ્ધા ફેલાવે છે. આ કેસોમાં ફરિયાદના આધારે પોલીસ તપાસ કરી જવાબદારો સામે અદાલતી કાર્યવાહી સુધીના પગલાં લઈ શકશે.

## કામરેજના ખોલવડ ગામે ખરજવાની બીમારીથી કંટાળી યુવકે અનાજમાં નાખવાની દવા ગટગટાવી જીવન ટૂંકાવ્યું



બારડોલી- સુરત જિલ્લામાં શરીરે ખરજવાની બીમારીથી કંટાળીને યુવકે આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. યુવકે અનાજમાં નાખવાની દવા પી લીધી હતી જે બાદ યુવકે સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં યુવકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ સુરત જિલ્લાના ખોલવડ ગામે ૨૫ વર્ષીય વિજય મધુભાઈ રાઠોડ ભાડાના મકાનમાં રહેતો હતો અને મજૂરી કામ કરતો હતો. તેણે પોતાના રહેણાંક મકાનમાં અનાજમાં નાખવાની દવા પી લીધી હતી. જે બાદ યુવકને સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં ટુંકી સારવાર દરમ્યાન યુવકનું મોત નિપજ્યું હતું.

યુવકને છેલ્લા ત્રણેક વર્ષથી શરીરે ખરજવાની બીમારીથી પીડાતો હતો અને આ કારણે તેણે કંટાળી અનાજમાં નાખવાની દવા પી આ પગલું ભરી લીધું હોવાનું હાલ સામે આવ્યું છે. આ મામલે કામરેજ પોલીસ વધુ તપાસ હાથ ધરી રહી છે.

## વ્યારામાં ૮૦ ખેડૂતોને મધમાખી પાલન વિશે ખેડૂત તાલીમનું આયોજન



વ્યારા- ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા પુરસ્કૃત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તાપી અને નાયબ બાગાયત નિયામકની કચેરી-તાપીના સંયુક્ત ઉપક્રમે નવસારી કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિ ડો. ઝેડ. પી. પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ન. મ. કૃષિ મહાવિદ્યાલયના હિરક મહોત્સવની ઉજવણી અંતર્ગત મધમાખી પાલન વિશે ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાપી જિલ્લાનાં ૮૦ જેટલા ખેડૂત ભાઇઓ અને બહેનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કેવિકે, તાપીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. સી. ડી. પંડયાએ બધાં મહેમાનોનેઆવકારી મધમાખી પાલનનું મહત્વ સમજાવ્યું હતું. વધુમાં ડો. પંડયાએ મધમાખી પાલનની તાપી જિલ્લામાં શક્યતાઓ અને કૃષિક્ષેત્રે મધમાખીઓનું મહત્વ સમજાવ્યું હતું. ડો. જે. જે. પસ્તાગીયા, પ્રોફેસર અને હેડ, ન. મ. કૃષિ વિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી દ્વારા મધમાખીની જાતિઓ, મધમાખી પાલનમાં કાળજી રાખવામાં આવતી બાબતો અને મધમાખી પાલનમાં વિવિધ રોગો-જીવાતૂનું નિયંત્રણ તેમજ મધમાખી પાલનથી મળતી પેદાશો તથા તેના ફાયદાઓ વિશે માહિતી આપી હતી. તુષારભાઇ ગામીત, નાયબ બાગાયત અધિકારી દ્વારા ખેડૂતોને મધમાખી પાલન વિશે સરકારી યોજનાઓની માહિતી આપી હતી. કેયૂર પટેલ (પીએમએફએમઇ) દ્વારા ઉદ્યોગ સાહસિકો માટે શરૂ કરેલી ભારત સરકારની પ્રધાનમંત્રી માઇક્રો ફૂડ પ્રોસેસિંગ ફોર્મલાઇજેશન એન્ટરપ્રાઈઝ યોજના વિશે જાણકારી આપવામાં આવી હતી. અશોકભાઇ પટેલ, સહ્યાદ્રી મધફાર્મ, સોલધરા જિ. નવસારી દ્વારા મધમાખી પાલનના ઇતિહાસ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં તેમણે મધમાખીની જાતો પ્રત્યક્ષ બતાવીને મધ બનાવવાની પ્રક્રિયા વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને કેવિકેના વિવિધ નિદર્શન એકમોની મુલાકાત કરાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડો. એચ. આર. જાદવ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કરાયુ હતુ.




LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA | digit | NJ MUTUAL FUND BUILT ON RULES | care HEALTH INSURANCE | BAJAJ Allianz

શું તમારી હેલ્થ ઈન્શ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?
તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?

ફક્ત એક ફોન કરો
Door Step Services
મેડીક્લેમ કરાવો

- વ્યાજબી પ્રીમિયમ
- નો ક્લેમ બોનસ 600% સુધી
- [ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હૃદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
- દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
- કેશલેસ ફેશીલીટી
- ઈન્કમ ટેક્ષ માં લાભ
- દરેક કંપનીની પોલીસી પોર્ટેબલીટી કરી આપવામાં આવશે.
- કન્ટીન્યુ બેનીફીટ સાથે

એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com

- Life Insurance
- Health Insurance
- Mutual Fund
- Motor Insurance

Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ભરૂચ ભાડભૂત બેરેજ જમીન સંપાદનનો મામલો, વર્તમાન જંત્રી પ્રમાણે ભાવ મળે તેવી ખેડૂતોની માંગ

અંકલેશ્વર તાલુકાના ખેડૂતોની ભાડભૂત બેરેજ યોજનામાંમહામૂલી જમીનના સંપાદન માટેની કવાયત કરવામાં આવીછે,પરંતુ મૂલ્યવાન જમીનના વળતર માટે ભારે અસમાનતા થી ખેડૂતો ચિંતાગ્રસ્ત બની ગયા છે.

તરીયા, ધંતુરીયા, સરફુદ્દીન, જૂના બોરભાઠા બેટ, જૂના બોરભાઠા તેમજ સક્કરપોર ગામની ફળદ્રુપ અંદાજીત ૮૦૦ હેક્ટર જમીનનુંસંપાદન કરવામાં આવ્યું છે અને સરકાર દ્વારા વર્તમાન જંત્રી મુજબ ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવામાંઆવે તેવી માંગ કરવામાં આવી છે.

સરકારના ડ્રિમ પ્રોજેક્ટ અને ભરૂચ જિલ્લાના હિતમાં ભાડભૂત બેરેજ યોજનાનુંનિર્માણ કાર્ય હાલમાં ચાલી રહ્યુંછે, પરંતુ નર્મદા નદીના દક્ષિણ કાંઠે વસેલા અંકલેશ્વર તાલુકાનાતરીયા, ધંતુરીયા, સરફુદ્દીન, જૂના બોરભાઠા બેટ, જૂના બોરભાઠા, સક્કરપોર ગામની ફળદ્રુપ અંદાજીત ૮૦૦ હેકટર જમીનનુંસંપાદનનીગતિવિધિ ઘણા સમયથી ચાલી રહી છે, જોકે યોગ્ય વળતરમાં સરકાર દ્વારા ભેદભાવને કારણે હાલમાં ખેડૂતોનાલલાટે ચિંતાની લકીર ઉપસી આવી છે.

ભાડભૂત બેરેજ યોજનામાં સંપાદનમાં જતી જમીનમાં તરીયા ગામનીલ્૪૭ વીઘા, ધંતુરીયાની ૧૬૧૦ વીઘા, સક્કરપોરની ૬૫૫ વીઘા, જુના બોરભાઠા ૩૯૬ વીઘા, જુના બોરભાઠા બેટ ૪૧૬ વીઘા અને સરફુદ્દીન ગામની ૨૪૨ વીઘા મળીને કુલ ૪૨૬૬ વીઘા એટલે કે અંદાજીત ૬૯૧ હેક્ટર જમીન સંપાદન કરવામાં આવશે.

જોકે પોતાની મહામૂલી જમીન સંપાદન કરીને સરકારનેસોંપતા ખેડૂતો વળતરની અસમાનતાથી સરકારના નિર્ણયથી નારાજછે. ખેડૂતોનાજણાવ્યા મુજબ સરકાર વર્ષ૨૦૧૧ મુજબની જંત્રી મુજબ વળતર ચૂકવવા માટે તૈયાર છે. વર્તમાન બજાર ભાવ અને હાલના જંત્રી મુજબ ખેડૂતોને જમીનનું વળતર ચૂકવવામાંઆવે તેવી માંગખેડૂતો કરી રહ્યાછે. ધંતુરિયા ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ તંત્રએ તેમની ફળદ્રુપ જમીનનેબંજર બતાવી પ્રતિ ચોરસ મીટરે માત્ર ૩૦૦ આસપાસનો વળતરનો આપેલો ભાવ અન્યાય સમાન




હોવાનીવેદના વ્યક્ત કરી છે.

જયારે ભાડભુત ગામે વળતર પ્રતિ ચોરસ મીટર રૂપિયા ૬૨૫, તરિયામાં ૫૩૫ ગણાયું છે. ધંતુરિયાગામથી રિલાયન્સ, ગેઇલ, દહેગામ સહિત પાંચ કંપનીનીખરાબાની જમીનના ભાવ સરકારે ૯૩૬ ચો.મીટરના લીધા છે. ત્યારે ખેડૂતોને ૨૦૧૧ પ્રમાણે ૧૩ વર્ષ જુના ભાવોચૂકવી અન્યાય શા માટે એ પ્રશ્ન ઉદ્ભભવ્યો છે. ગામની ૧૬૧૦ વીઘા જમીન બેરેજમાંસંપાદિત થઈ રહી છે.

અસરગ્રસ્ત ખેડૂતો એકવીઘનાજમીનમાં વર્ષેર થી અઢી લાખની ઉપજમેળવે છે ત્યારે તેમને ૭ થી ૮ લાખનું મળનાર વળતર ખેડુત મિટાવી મજૂર બનાવી દેશેએવી દહેશત વ્યક્ત કરવામાં આવી છે. જો સરકાર હાલના બજાર ભાવ, નવી જંત્રી મુજબ ન્યાયિક વળતર ન ચૂકવે તો ગામનાઅસરગ્રસ્ત ખેડૂતો બેરેજની કામગીરી અટકાવશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ભાડભૂત બેરેજ યોજનામાંસંપાદન જતી જમીનમાં અંદાજીત ૨૦૦ થી વધુ તો વિધવા મહિલાઓની જમીન છે,જેમાં ધંતુરીયા ગામનીજ ૯૮ વિધવા મહિલાઓ છે.

# અમિત શાહે CAA હેઠળ ૧૮૮ શરણાર્થીઓને નાગરિકત્વના પ્રમાણપત્રો આપ્યા

અમદાવાદ- રક્ષાબંધનના પાવન તહેવાર પૂર્વે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે અમદાવાદને અંદાજિત ૧૦૦3 કરોડનાં વિકાસકાર્યોની ભેટ આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનાં અંદાજિત ૧૦૦3 કરોડનાં વિવિધ ૪૫ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. બાંગ્લાદેશમાં હિન્દુ પર થઈ રહેલા અત્યાચારો વચ્ચે આજે અમદાવાદના પંડિત દિનદયાળ હોલમાં ગૃહમંત્રી અમિત શાહે CAAકાયદા હેઠળ નાગરિકતાના પ્રમાણ પત્ર



આપ્યા હતા.

દેશના ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આજે આ ભાવુક ક્ષણ છે. CAA લાખો લોકોને નાગરિકત્વ દેવાની વાત નથી પરંતુ, લાખો શરણાર્થીઓને ન્યાય આપવાનું છે. તુષ્ટિકરણ કરવાવાળી કોંગ્રેસે ૧૯૪૭ થી ૨૦૧૪ સુધીમાં ન્યાય નથી મળ્યો.આ પડોશી દેશમાં પણ પ્રતાડિત થયા અને અહીં પણ પ્રતાડિત થતા રહ્યા. લાખો-કરોડો લોકો પોતાના જ દેશમાં ત્રણ પેઢીથી ન્યાય માટે તડપતા રહ્યા. પરંતુ ઇન્ડિ ગઠબંધનની તુષ્ટીકરણની નીતિએ આમને ન્યાય આપ્યો નહીં. પરંતુ નરેન્દ્ર મોદી સરકારે ન્યાય આપ્યો છે. મોદી સરકારે CAA કાયદો લાવીને શરણાર્થી અને વિસ્થાપિતોને ન્યાય અપાવ્યો છે. વિભાજન સમયે અનેક અત્યાચાર થયા હતા.

કોંગ્રેસે અનેક વાયદા કર્યા હતા કે, પાડોશી દેશમાં રહેતા શીખ, પારસી, હિન્દુ આવે પરંતુ, ચૂંટણી આવીને તેઓ ફરી ગયા. વાયદાઓ ભૂલી ગયા હતા. જો નાગરિકતા આપીશું તો વોટ બેન્ક તૂટી જશે. શરણાર્થી અને વિસ્થાપિતોને નાગરિકતા ના આપીને ખુબ મોટું પાપ કર્યું છે.

# ચોમાસાના ત્રણેક મહિના વિરામ કરી શ્રાવણ મહિને દરિયો શાંત થતા વિધિવત પૂજાવિધિ સાથે ફિશીગની કામગીરી શરૂ કરી



બીલીમોરા- બીલીમોરા શ્રાવણ માસના પવિત્ર દિવસે ધોલાઈ બંદરેથી દરિયાદેવની પૂજા કરી દરિયાદેવને નાળિયેર અર્પણ કરી વિધિવત રીતે દરિયો ખેડવા માટે મુહૂર્ત કર્યું હતું. ઉઘડતી સિઝનમાં મચ્છીનો મબલક પાક મળે અને સાગરખેડૂઓ બોટ સાથે સહી-સલામત પરત આવે તેવી પ્રાર્થના કરી હતી. ધોલાઇ બંદરેથી દાતી, વલસાડ, નવસારી સહિતની ૫૦૦ થી વધુ બોટો મચ્છીમારી માટે દરિયો ખેડવા જાય છે. બીલીમોરા નજીકના ધોલાઈ બંદરે શ્રાવણ માસના દિવસો દરમિયાન મચ્છીમારી ની નવી સિઝન નો વિધિવત આરંભ થતો હોય છે. ચોમાસાની શરૂઆત થતાં જ દરિયામાં ભારે તોફાન હોય છે હવાના વધતા ઓછા દબાણ સાથે ચોમાસાની સિઝનમાં વરસાદી વાવાઝોડા હોવાથી દરિયો ખેડવા ગયેલી બોટ પરત આવી જતી હોય છે. ચોમાસાની સિઝનમાં બોટો દરિયા માં ઉતારવામાં આવતી નથી. ચોમાસાના ત્રણેક મહિના જેટલી સિઝનમાં માછીમાર ભાઈઓ આરામ કરતાં હોય છે. તે સાથે તેમની બોટોનું સમારકામ પણ આ સિઝન ત્રણ મહિના દરમિયાન કરતાં હોય છે.

શ્રાવણ માસમાં દરિયો થોડો શાંત થતો હોય માછીમાર ભાઈઓ દરિયાઈ સફર ખેડવા મચ્છીમારી કરવા નીકળતા હોય છે. નવસારી, દાંતી, વલસાડ સહિત ૧૨૦૦ થી વધુ બોટો દરિયો ખેડવા નીકળીતી હોય છે. જોકે ધોલાઈ બંદરેથી અંદાજિત ૫૦૦થી વધુ બોટો અલગ અલગ તબક્કામાં ફિશિંગ માટે રવાના થઈ હતી. આ અગાઉ પણ દરિયો ખેડવા પરવાનગી આપવામાં આવતી હોય ઘણી બોટો બે ત્રણ દિવસ અગાઉ થી જ ધીમે ધીમે દરિયો ખેડવા ઉપડતી હોય છે.

# સરવેમાં ૩૦૪ મિલકતો આકારણીના ચોપડે નોંધાઈ જ ન હોવાનું ભોપાળું બહાર આવ્યું

સુરત- ગેમ ઝોન કાંડ બાદ પાલિકાએ શહેરભરમાં જયાં લોકો વધુ ભેગા થતાં હોય તેવી તમામ મિલકતોનો સરવે કરી બીયુ, ફાયર એનઓસી ન હોય તેવી બિલ્ડિંગો સામે કાર્યવાહી કરી હતી. અત્યાર સુધીમાં કુલ ૧૦૪૫થી વધુ મિલકતો સીલ કરી હતી. જો કે, ચોંકાવનારી માહિતી એ ઉજાગર થઈ છે કે, આકારણી રેકર્ડ પર ૩૦૪ મિલકતો નોંધાયેલી જ નથી. મસમોટું ભોપાળું બહાર આવતાં જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની તલવાર લટકી રહી છે. શહેર વિકાસ રેકર્ડ પર પણ ૮૫૮ મિલકતો નોંધાયેલી નથી. ૩૧ ઓગસ્ટ સુધીમાં પાલિકા તમામ ડેટા સરકારમાં મોકલશે.



શહેરમાં સૌથી વધુ લિંબાયત ઝોનમાં ૧૦૭ મિલકતો આકારણીમાં નોંધાયેલી નથી ત્યાર બાદ કતારગામમાં ૯૨ મિલકતો, રાંદેર ઝોનમાં ૫૦, સેન્ટ્રલ ઝોનમાં ૧૪, કનકપૂરમાં માત્ર ૨, વરાછા ઝોનમાં ૩૬, સરથાણામાં ૩ મળી અધધ ૩૦૪ મિલકતો આકારણી દફ્તરે નોંધાઇ જ નથી. જયારે ઉધના-એ અને અઠવામાં એવી કોઈ મિલકતો નહીં હોવાનો પાલિકાનો દાવો છે.

સરકારના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગે જયાં વધુ લોકો ભેગા થતાં હોય તેવી મિલકતોના પિરિયોડિક ઈન્સ્પેક્શન કરવા તથા ૫ કેટેગરી પ્રમાણે આઈડેન્ટિફાય કરીને ૩૧મી સુધીમાં રિપોર્ટ કરવા સૂચના આપી છે ત્યારે પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે તમામ ઝોનને ૨૦મી સુધીમાં વિગતો આપી દેવા આદેશ કર્યો છે. ૫ કેટેગરીમાં હોસ્પિટલો, કોમર્શિયલ, શૈક્ષણિક, કાપડ માર્કેટ, રેસ્ટોરાં, જીમ-ગેમઝોન-થીયેટર, ટેમ્પરરી સ્ટ્રક્ચરોને સમાવાયા છે, જેનું ઝોન સ્તરે રજિસ્ટર બનાવાઈ રહ્યું છે.

# જન્માષ્ટમીને લઈને દેશભરમાંથી ધાર્મિક કાપડની ડિમાન્ડ વધી ૧ મહિનામાં જ વેપાર ૫ ગણો થઈ રૂ. ૧૦૦ કરોડને પાર થઈ ગયો



સુરત-જન્માષ્ટમીને લઈને સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં ધાર્મિક કપડાંની ડિમાન્ડમાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. સામાન્ય દિવસોની સરખામણીમાં છેલ્લા ૧ મહિનામાં જ ધાર્મિક કપડાના વેપારમાં ૫ ગણો વધારો થઈ ગયો છે. ૩૦ દિવસમાં અંદાજીત ૧૦૦ કરોડ રૂપિયાનો વેપાર થયો હોવાનું વેપારીઓનું કહેવું છે.

લગ્ન સિઝન હોય, તહેવાર હોય, રાષ્ટ્રીય તહેવાર હોય કે પછી ચૂંટણી હોય, પરંતુ આવા તમામ અવસર પર સુરતના કાપડનો કોઈને કોઈ રીતે ઉપયોગ થતો જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે ઓગસ્ટ મહિનાથી દેશમાં વિવિધ ધાર્મિક તહેવારોની શરૂઆત થાય છે, જેને લઈને સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં તેજી જોવા મળે છે. શહેરમાં અંદાજીત ૮૦થી ૧૦૦ જેટલાં ટેક્સટાઈલ વેપારીઓ દ્વારા ધાર્મિક કાર્યક્રમો અને ઉત્સવોમાં ઉપયોગમાં લેવામાં આવતાં કાપડ બનાવવામાં આવે છે. ધાર્મિક કાપડના ઉત્પાદનમાં પણ સુરત દેશમાં અગ્રસ્થાને છે. આગામી અઠવાડિયે જન્માષ્ટમી છે, જેને લઈને છેલ્લા ૧ મહિનાથી સુરતમાં ધાર્મિક કપડાંનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં તેજી જોવા મળી છે, જેમાં ખાસ કરીને વેલ્વેટ, એમ્બ્રોઈડરી, જેકાર્ડ કાપડ, વાઘની ડિઝાઈન, ગૌમાતાની ડિઝાઈન સહિતનાં કપડાંની ડિમાન્ડ વધુ છે. સુરતના વેપારીઓને ત્યાં છેલ્લા ૧ મહિનામાં ધાર્મિક કપડાંની ૫ ગણી ડિમાન્ડ વધી છે, જયારે ૧૦૦ કરોડ રૂપિયાનો વેપાર થઈ ગયો છે.

કાપડ વેપારી હરેશ લાલવાણીએ કહ્યું કે, હવે તહેવારોની સિઝન શરૂ થઈ છે. જન્માષ્ટમી, ગણેશ ઉત્સવ, નવરાત્રિના તહેવાર આવશે, જેને લઈને ધાર્મિક કપડાંઓની ડિમાન્ડમાં વધારો થયો છે. છેલ્લા ૧ મહિનાથી દેશનાં અલગ અલગ રાજયોમાંથી રિટેઈલ વેપારીઓ ધાર્મિક કપડાંની ખરીદી કરવા માટે સુરત આવે છે. ૧ મહિનાથી જન્માષ્ટમી માટે કપડાંની ખરીદી કરવા માટે વેપારીઓ સુરત આવતા હતા ત્યાર બાદ ગણેશ ઉત્સવની ખરીદી શરૂ થશે.

# ઉમરપાડા નસારપુર ગામે ચોરી થયેલી ઇકો કાર સળગેલી હાલતમાં મીરાપુર ગામ નજીકથી મળી આવી

બારડોલી- ઉમરપાડા તાલુકાના નસારપુર ગામેથી રાત્રિના બેથી ત્રણ વાગ્યાના સુમારે ચોરી થયેલ ઇકો કાર નજીકના મીરાપુર ગામ પાસેથી સળગેલી હાલતમાં મળી આવી હતી. નસારપુર ગામના હિતેશભાઈ ચૌધરીની માલિકીની ઇકો કાર પોતાના ઘરે પાર્ક કરી હતી. ગતરોજ મોડી રાત્રે અજાણ્યાની ઇસમો ચોરી કરી ગયા હતા. સવારે તેમણે



આસપાસ વિસ્તારમાં પોતાની કારની શોધખોળ કરી હતી. ત્યાર બાદ નજીકના મીરાપુર ગામે તેઓને કાર એકદમ સળગેલી હાલતમાં મળી આવી હતી. અગાઉ હિતેશભાઈના સગા ભાઇ દીપકભાઈ ચૌધરીની ઇકો કાર આ જ પ્રમાણે આંગણામાં પાર્ક કરી હતી. કારની ચોરી થઈ હતી. આ કારની ચોરી કરી મહારાષ્ટ્રમાં કારને વેચવા ગયા હતા. ત્યારે મહારાષ્ટ્ર પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. એમ હાલ આ પ્રમાણે કારની ચોરી થઈ છેપરંતુ કારને વેચવાના બદલે ઇસમોએ કારને સળગાવી દીધી હતી.




# તાપી જિલ્લામાં વહેલી સવાર અને મોડી સાંજના ટ્યુશન કલાસીસ પર પ્રતિબંધ

**તાપી-**તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તાપીએ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારના અને મોડી સાંજના ટ્યુશન કલાસીસો પર જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામામાં જણાવાયા અનુસાર તાપી જિલ્લાના વિસ્તારમાં કોઇ પણ મથકોએ વહેલી સવારે ૦૭:૦૦ કલાક પહેલા તથા સાંજે ૦૭:૦૦ કલાક બાદ કોઇ પણ ટ્યુશન કલાસીસો ચાલુ રાખી શકાશે નહિ કે વિદ્યાર્થીઓને ટ્યુશન કલાસીસોમાં અભ્યાસાર્થે બોલાવી શકાશે નહિ.

ટ્યુશન કલાસીસોની આજુબાજુ ૨૦૦ મીટર સુધી ચાર કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહિં. શાળા-કોલેજોના કંપાઉન્ડમાં ૨૦૦ મીટર સુધી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઇ ત્રાહિત વ્યક્તિ એકત્રિત થઇ શકશે નહિં. આ હુકમ તા. ૧૬.૧૦.૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જણાવાયું છે

# વ્યારામાં લાયસન્સ વિના સિક્યુરિટી એજન્સી ચલાવનાર વિરુદ્ધ ગુનો

વ્યારા- વ્યારા નગરમાં આવેલ આઈરીઝ કોમ્પ્લેક્સમાં એક પ્રાઇવેટ સિક્યુરિટી એજન્સી જરૂરી લાઇસન્સ વગર પાસિક્યુરિટી એજન્સી ચલાવવા બદલ સંચાલક વિરુદ્ધ તાપી જિલ્લા એસ.ઓ.જીએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. તાપી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ નાઓ તરફથી અનઅધિકૃત રીતે ચાલતી પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા તાપી એસ.ઓ.જી. સૂચના આપી હતી જે આધારે પોલીસ ઇન્સ્પેક્ટર કે.જી.લીંબાચીયા અને ટીમ દ્વારા ૧૫/૮/૨૪ના રોજ એસ.ઓ.જી. નાં એ. એસ. આઇ. અજયસિંહ દાદાભાઇ તથા હે.કો. કમલેશભાઇ કૃષ્ણાભાઇ, હે.કો હીરેનભાઇ સાથે વ્યારા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન વ્યારા નગર નજીક જીલ્લા સેવાસદનની સામે આવેલ આઇરીશ પ્લાઝા નામના એપાર્ટમેન્ટ ખાતે સિક્યુરીટી ગાર્ડ રાખી લાયસન્સ વગર દીપ સિક્યુરિટી સર્વિસિસ નામની સિક્યુરીટી એજન્સી ચલાવે છે. અને જેનુ સંચાલન ધર્મેન્દરસિહ હકીમસિહ સેંગર ઉ.વ-૪૫ હાલ રહે- તાડકુવા, રીધમ હોસ્પિટલની બાજુમા તા.વ્યારા કરે છે જે બાબતે ચૈક કરતા તેઓ વગર લાયસન્સે દીપ સિક્યુરિટી સર્વિસિસ નામની એજન્સીમાં કુલ્લે-૦૬ સિક્યુરીટી ગાર્ડ રાખી, વગર લાયસન્સે પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી ચલાવી ગુન્હો કરેલ હોય જેથી તેઓ વિરૂધ્ધ ખાનગી સલામતી એજન્સી (નિયંત્રણ) ધારા ૨૦૦૫ મુજબ એસ.ઓ.જી.શાખા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

# અન્ય ઉદ્યોગોની જેમ ટૂરિઝમ ક્ષેત્રે પણ ચીન ભારતનું હરિફ બની રહ્યું છે



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

વિવિધ ક્ષેત્રોની જેમ ભારત માટે ચીન પર્યટન ક્ષેત્રમાં પણ મોટો પડકાર બની રહ્યું છે. પોતાના પર્યટન ક્ષેત્રના વિકાસ માટે અને વિદેશી પર્યટકોને આકર્ષવા ચીને વિઝા-ફ્રી ટ્રાવેલ પોલિસી લાગુ કરી છે જેને પરિણામે યુરોપ તથા એશિયા ખાતેથી વધુ પર્યટકો ચીનની મુલાકાતે જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. ચીનને માત કરવા જાપાન, દક્ષિણ કોરિઆ તથા યુએઈના પર્યટકો માટે ભારતે વિઝા ઓન એરાઈવલ નીતિ લાગુ કરી છે, આમછતાં ઘરઆંગણે જોવા લાયક સ્થળો તથા સુવિધાઓ બાબત ભારતે ઘણું કરવાનું રહે છે તેવો મત પ્રવર્તી રહ્યો છે.

વર્તમાન નાણાં વર્ષ માટેના બજેટમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારામને દેશમાં પર્યટન ક્ષેત્રના વિકાસ પર ભાર આપીને આ ક્ષેત્રના વિકાસ માટે જોગવાઈઓ પણ રજૂ કરી હતી. બજેટ પહેલા રજૂ થયેલા નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ ના આર્થિક સર્વેમાં કોરોનાના કાળ બાદ વિદેશી પર્યટકોના આગમનમાં વધારો થયાના સંકેત મળી રહ્યાનો ઉલ્લેખ કરાયો હતો. ૨૦૨૩ માં દેશમાં ૯૨ લાખ વિદેશી પર્યટકોએ ભારતની મુલાકાત લીધી હતી જે ૨૦૨૨ ની સરખામણીએ ૪૩ ટકા વધુ હતા. ટૂરિઝમ મારફત ભારતે રૂપિયા ૨.૩૦ લાખ કરોડનું ફોરેકસ મેળવ્યું છે જે વાર્ષિક ધોરણે ૬૫ ટકા વધુ છે. જે ભારતના પર્યટન ઉદ્યોગ માટે સારી નિશાની કહી શકાય એમ છે. વિદેશી હૂંડિયામણ મારફતની આવકની દ્રષ્ટિએ વૈશ્વિક સ્તરે ભારતના હિસ્સામાં વધારો થઈ રહ્યો છે.

ભારતના ટ્રાવેલ તથા ટૂરિઝમ ક્ષેત્ર પર વૈશ્વિક ફુગાવાજન્ય દબાણનો પ્રભાવ રહેલો હોવાનું આર્થિક સર્વેમાં નોધવામાં આવ્યું છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેકસ ૨૦૨૪ રિપોર્ટમાં દેશમાં પર્યટન સેવાઓ તથા માળખાકીય સુવિધા સુધારવા પર ભાર અપાયો છે. એટલું જ નહીં આ ક્ષેત્ર માટે આવશ્યક સ્કીલ્ડ વર્કફોર્સ વધારવા પણ નોધ કરવામાં આવી છે. ભારત સહિત વિશ્વભરમાં રોજગાર ઊભા કરવામાં ટૂરિઝમ ક્ષેત્રની મોટી ભૂમિકા રહે છે. વૈવિધ્યસભર ક્ષેત્ર તરીકે ટૂરિઝમ ઉદ્યોગે સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ તથા અન-સ્કીલ્ડ ટેલેન્ટ માટે છેલ્લા કેટલાક વર્ષોમાં રોજગારની નવી તકો ઊભી થઈ છે. ટૂરિઝમ ક્ષેત્રે મોટાભાગની ટેલેન્ટ શહેરી વિસ્તારોમાંથી જ આવતી હોવાનું જોવા મળે છે. પર્યટન ક્ષેત્ર દેશની તિજોરીમાં આવકનું એક મોટુ સ્રોત બની રહ્યું છે, તેને ધ્યાનમાં રાખી કોરોનાના કાળમાં આ ક્ષેત્રને ટેકો પૂરો પાડવાનું પગલું આવકાર્ય બની રહ્યું હતું.

દેશની યુવાપેઢીની બદલાતી જીવનશૈલી અને માનસિકતાને ધ્યાનમાં રાખી ટૂરિઝમ ક્ષેત્રના વિકાસ પર સરકાર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. આ ક્ષેત્રની` રોજગાર નિર્માણ ક્ષેત્ર તરીકેની માન્યતાને મજબૂત બનાવવી હશે તો, નાણાંકીય ટેકા સાથે આ ક્ષેત્રે તાલીમબદ્ધ કર્મચારીબળ ઊભું કરવાની બાબતને પણ સરકારે અગ્રતા આપવાની રહેશે અને તેમાં ગ્રામ્ય વિસ્તારોમાંથી ટેલેન્ટને આવકારવાની રહેશે. ટેકનોલોજીના વિકાસને કારણે રોજગાર વૃદ્ધિમાં પર્યટન ક્ષેત્રનું યોગદાન વધી રહ્યું છે.

વૈશ્વિક સ્તરે ટૂરિઝમ ઉદ્યોગમાં મહિલાઓની નોધપાત્ર હાજરી જોવા મળે છે, જયારે ભારતમાં પર્યટન ક્ષેત્રમાં કુલ કર્મચારીબળમાં મહિલાઓની હાજરી ૧૫ ટકાથી ઓછી છે. વિશ્વ વેપાર સંગઠનના એક સર્વેમાં જણાયું હતું કે જે દેશોમાં ટ્રાવેલ તથા ટૂરિઝમ ક્ષેત્રનો વિકાસ થયો છે તે દેશોમાં આ ક્ષેત્રમાં મહિલાઓના સહભાગમાં વધારો થતો જોવા મળે છે.

દેશના પર્યટન ક્ષેત્રના વિકાસ પર સરકાર ખાસ ભાર આપી રહી છે પરંતુ માળખાકીય સુવિધા પરની તાણ હજુપણ એક મોટો પડકાર રહેલો છે, જે દૂર થવો રહ્યો. ઊંચી કમાણી કરતો આજનો યુવા વર્ગ પોતાની આવકનો ચોક્કસ હિસ્સો હરવાફરવા પાછળ ખર્ચી રહ્યાનું જોવા મળે છે, ત્યારે દેશમાં વધુને વધુ પર્યટન સ્થળોનો વિકાસ કરી યુવાનોને દેશની અંદર જ ફરવા માટે પ્રોત્સાહિત કરવા તથા વિદેશી પર્યટકોને આવા સ્થળો ખાતે આકર્ષવા સરકારે વર્તમાન બજેટમાં પગલાં હાથ ધર્યા હોવાનું જોવા મળે છે. વિશ્વમાં પર્યટકોના આકર્ષણમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા બાદ ભારતનો ક્રમ આવે છે.

## ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# શિક્ષિત બેરોજગારી આજના સમયની આપણા ભારત દેશની સૌથી મોટી સમસ્યા છે...!!!





સોશિયલ મિડિયા પર આજે એક વિડિયો જોયો. જેમા અંકલેશ્વરની કોઈ એક કંપનીમા ફક્ત ૧૦ માણસો લેવાના હતા ત્યા ખૂબ મોટી સંખ્યામા ભણેલા ગણેલા યુવાનો નોકરી મેળવવાની આશા અપેક્ષામા ઈન્ટરવ્યુ આપવા પહોચી ગયા ત્યા ઓફિસની બહાર એક સ્ટીલની રેલીંગ લગાવેલી હતી ત્યા આ યુવાનોનુ ટોળુ ધક્કા મુક્કી કરવા લાગ્યુ અને આ રેલીગ ઉપરથી યુવાનોનુ ટોળુ નીચે જમીન ઉપર પટકાયુ જેમા ઘણા બધા યુવાનોને નાની મોટી ઈજા થઈ. કેટલાક યુવાનોને ગંભીર રીતે ઘાયલ થયા ! આમાથી કેટલા યુવાનોને નોકરી મળી એ તો ભગવાન જાણે પણ ૯૫% યુવાનોને ૧૦૦% નોકરી નહી જ મળી જ હોય તે કડવી હકીકત છે. આપણા દેશમા દર વર્ષે લાખો યુવાનો કોલેજમાથી ડિગ્રી લઈને બહાર પડે છે એમાથી બે પાંચ ટકા હોશિયાર યુવાનોને નોકરી આસાનીથી મળી જાય છે બાકીના ૯૫% યુવાનોને પોતાના ભણતરને અનુરૂપ યોગય નોકરી શોધવામા ઘણો બધો સંઘર્ષ અને મહેનત કરવી પડે છે અને આટલી મહેનત કર્યા પછી જો કોઈ ઢંગની નોકરી મળી પણ જાય તો એ નોકરી કેટલો સમય રહેશે એની પણ કોઈ ગેરંટી હોતી નથી.

આપણા દેશની બીજી એક કમનસીબી એ છે કે કોલેજનુ શિક્ષણ પુરુ કર્યા પછી બધા જ યુવક યુવતીઓને વ્હાઇટ કોલર જોબ નોકરી જ જોઈએ છે. કોઈને નાનો મોટો ધંધો કે બિઝનેસ કરવામા રસ રૂચિ નથી કારણ કે નાનો મોટો ધંધો કે બિઝનેસ કરવામા તો લાખો રૂપિયા જોઈએ એવી ખોટી માન્યતા લોકોમા ઘર કરી ગઈ છે. આ ઉપરાંત નાનો ધંધો નાના પાયે શરૂ કરવામા લોકોને શરમ આવે છે. નાના ધંધામા પણ નોકરી કરતા ખૂબ સારા પૈસા




કમાઈ શકાય છે પરંતુ આપણી સામાજિક કુટુંબ વ્યવસ્થા અને સંકુચિત માનસિકતાને કારણે આજના યુવાનો નાનો ધંધો કરવાને બદલે ૧૫-૨૦ હજારની નોકરી કરવાનુ વધારે પસંદ કરે છે.

આજે પણ કેટલાય એવા પરિવારો છે કે જેઓ ફક્ત પોતાના દિકરાના લગ્ન સારી યુવતી સાથે થઈ જાય એટલા માટે પોતાના દિકરાને ધંધામા સેટ કરવાની જગ્યાએ નાની મોટી નોકરી કરાવે છે. જે દેશમા નોકરીને એક સામાજિક પ્રતિષ્ઠાનો માપદંડ માનવામા આવે છે એ દેશમા શિક્ષિત બેરોજગારીની સમસ્યા નહી વધે તો બીજુ શુ થાય...???

આજના સમયમા સરકારી નોકરી મળવી ખૂબ મુશ્કેલ જ નહી પણ લગભગ અશક્ય છે અને પ્રાઈવેટ ખાનગી કંપનીઓની નોકરી પણ મહા મુશ્કેલીથી મળે છે અને તેની પણ કોઈ જ સલામતી નથી તો પછી નાનો મોટો ધંધો કે બિઝનેસ કરવામા ખોટુ શુ છે...??? હા, બની શકે કે ધંધામા શરૂઆતના બે પાંચ વર્ષમા થોડી મુશ્કેલીનો સામનો કરવો પડે અને ધંધામા કદાચ થોડી ઘણી ખોટ પણ જાય પરંતુ એક વાર તમે ધંધામા સેટ થઈ જાવ પછી પાછળ ફરીને તમારે જોવુ નહી પડે !!!

મે તો એવા પણ કેટલા પરિવારો જોયા છે જેમા ઘરનો યુવાન દિકરો પોતાના ઘરની ખેતીમાથી વર્ષે ૧૦-૧૫ લાખ રૂપિયા કમાતો હોય તેમ છતા તેના લગ્ન થતા ન હોય કારણ કે તે નોકરી નથી કરતો પણ ખેતી કરે છે !!! લોકો કોણ જાણે કેમ કઈ દુનિયામા જીવે છે જેમને ખેતીનો વ્યવસાય કે ખેતી કરતો છોકરો ગમતો નથી અને ફાલતુ પ્રાઈવેટ નોકરી કરતા યુવાનો ગમે છે. અરે ભાઈ, આ પ્રાઈવેટ નોકરી તો કાલે છૂટી જશે જયારે ખેતી તો આજીવન પોતાની પાસે જ રહેવાની છે. દરેક યુવક યુવતીઓના માતા પિતા અને વાલીઓને મારી અપીલ છે કે તમારા સંતાનોને નોકરી માટે નહી પણ નોલેજ લેવા માટે ભણાવો અને નોકરીની માટે ફાફા મારવા કરતા આપના સંતાનોને નાના મોટા વેપાર ધંધા તરફ વાળો અને તેઓ જયા સુધી તેમના ધંધામા વેલસેટ ન થઈ જાય ત્યા સુધી સહકાર આપો. અસ્તુ.

# દેશમાં ડેન્ગ્યુ-મેલેરિયાના વધતા કેસ વચ્ચે ડોક્ટરોની હડતાળથી સ્વાસ્થ્ય સેવા ઠપ

નવી દિલ્હી : કોલકાતામાં મહિલા જુનિયર ડોક્ટર પર બળાત્કાર-હત્યાના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા શનિવારે જાહેર કરાયેલી ૨૪ કલાકની હડતાળમાં દેશભરની સરકારી હોસ્પિટલોના ડોક્ટરો જોડાતા ઓપીડી સેવા ખોરવાઈ ગઈ હતી. આવા સમયે કેન્દ્ર સરકારે ડોક્ટરોની સુરક્ષા માટે સંભવિત ઉપાયો સૂચવવા માટે નિષ્ણાતોની એક સમિતિ રચવાની જાહેરાત કરી હતી. જોકે, આ માટે તેમણે કોઈ નિશ્ચિત સમય આપ્યો નથી. જોકે, દેશના અનેક વિસ્તારોમાં ડેન્ગ્યુ અને મલેરિયાના કેસો વધ્યા હોવાથી સરકારે ડોક્ટરોને વ્યાપક જનહિતમાં કામ પર પાછા ફરવા વિનંતી કરી છે. કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશને શનિવારે ૨૪ કલાકની હડતાળ જાહેર કરી હતી, જેને પગલે દેશભરની સરકારી હોસ્પિટલોના ડોક્ટરો હડતાળમાં જોડાયા હતા અને ડોક્ટરોની સુરક્ષા માટે દેખાવો કર્યા હતા. આઈએમએએ સમગ્ર દેશમાં એલોપેથિક ડોક્ટર્સને ૨૪ કલાક માટે ઈમર્જન્સી અને કેઝ્યુઅલ્ટી




સિવાય બધા જ પ્રકારની મેડિકલ સર્વિસીસ બંધ રાખવા જણાવ્યું હતું. આ સાથે આઈએમએએ ડોક્ટરો વિરુદ્ધ હિંસા અને હોસ્પિટલોને ફરજિયાત સુરક્ષાના અધિકારો સાથે સુરક્ષિત ઝોન જાહેર કરવા માટે કેન્દ્રીય કાયદો લાવવા માટે વડાપ્રધાન મોદીની દખલની માગ કરી હતી. આઈએમએની અપીલની સમગ્ર દેશમાં અસર જોવા મળી હતી. દિલ્હીથી લઈને ચેન્નઈ અને અમદાવાદથી લઈને કોલકાતા સુધીની સરકારી હોસ્પિટલોના ડોક્ટરો હડતાળમાં જોડાયા હતા. આ સાથે ડોક્ટરો, જુનિયર ડોક્ટરો અને પેરામેડિકલ સ્ટાફના સભ્યોએ દેખાવો કર્યા હતા. પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે ડોક્ટરોએ દેખાવો કર્યા હતા. જોકે, દેશભરમાં ઈમર્જન્સી સેવા ચાલુ રહી હતી. દેશના અનેક વિસ્તારોમાં ડેન્ગ્યુ અને મલેરિયાના વધતા કેસોને ધ્યાનમાં લેતાં સ્વાસ્થ્ય મંત્રાલયે આંદોલનકારી ડોક્ટરોને વ્યાપક જનહિતમાં કામ પર પાછા ફરવા વિનંતી કરી હતી. મંત્રાલયે તેમને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંભવિત તમામ ઉપાયો સૂચવવા એક સમિતિની રચના કરવાનું આશ્વાસન આપ્યું હતું.

# વ્યારાના ઉનાઇ નાકેથી ૧.૬૨ લાખના દારૂ સાથે ૨ ઝડપાયા

વ્યારા- એલસીબી ની ટીમ પેટ્રોલીંગમાં હતી એ દરમ્યાન બાતમી મળેલ કે, એક ડાર્ક વાદળી-લીલા કલરની મહિન્દ્રા ડઝટ ૩૦૦ ફોર વ્હિલ ગાડી માં બે ઇસમો ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરી વ્યારા ઉનાઇ નાકા થઇ સ્ટેશન રોડ થઇ માંડવી થઇ વડોદરા તરફ જનાર છે જે પોલીસ ઉનાઇ નાકા મીંઢોળા બ્રીજ પર ખાતે વોચમાં હતા. તે દરમ્યાન બાતમી



હકીકતવાળી એક ડાર્ક વાદળી-લીલા કલરની મહિન્દ્રા XUV ૩૦૦ ફોર વ્હિલ ગાડી આવતા તેને ચેક કરતા પાછળના ભાગે તથા પાછળની સીટ નીચે દારૂ મળી આવ્યો હતો. જેમાં આરોપી વિજયસિંહ ફતેસિંહ રાજપુત, ઉ.વ.૩૫ રહે. બસુ, પો. સ્ટ-જગત, થાના તા. ઉરાબર, જી. ઉદયપુર (રાજસ્થાન), પર્વતસિંહ મોહબતસિંહ રાજપુત, ઉ.વ. ૨૭, અદવાસ રૂણીજા, પોસ્ટ-જગત, થાના-કુરાબડ, તા. ગીરવા, જી. ઉદયપુર (રાજસ્થાન) નાઓએ પોતાના કબ્જાની મહિન્દ્રા XUV ૩૦૦ ફોર વ્હિલ ગાડી આશરે કિં. રૂા ૫.૦૦.૦૦૦ માં ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની બોટલો કુલ-૩૨૪ કુલ કિંમત રૂ. ૧.૬૨.૦૦૦ નો પ્રોહી મુદ્દામાલ ની હેરાફેરી કરતા મોબાઇલ નંગ-૦૨, કિં.રૂા ૧૦.૦૦૦, અંગઝડતી દરમ્યાન મળેલ રોકડા રૂા ૫૩૦/- મળી કુલ્લે રૂ. ૬.૭૨.૫૩૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી અન્ય ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કરાયા છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## કામરેજ ચારરસ્તા પાસે ખાનગી લક્ઝરી બસમાં જીવના જોખમે મુસાફરી કરતા હોવાનો વીડિયો વાયરલ થયો

બારડોલી- કામરેજ ચાર રસ્તા પાસે લક્ઝરી બસમાં મુસાફરો જીવના જોખમે લક્ઝરી બસ પર મુસાફરી કરતા હોવાનો વીડિયો સામે આવ્યો છે. લક્ઝરી બસની સીટો ફૂલ થઇ જતાં બસની ઉપર મુસાફરો બેસી ગયા હતા. જોખમી મુસાફરીમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ તેવા સવાલો હાલ ઊભા થયા છે.

હાલ તહેવારોની સિઝન શરૂ થઈ ગઈ છે. ભાઈ-બહેનના પવિત્ર રક્ષાબંધનનો તહેવાર છે. સુરત જિલ્લામાં ધંધા રોજગારી માટે આવેલા લોકો પર્વની ઉજવણી કરવા માટે વતન જતાં હોય છે. ત્યારે રક્ષાબંધનના પર્વ પર મુસાફરો જીવ જોખમમાં મૂકી મુસાફરી કરતા હોય તેવો વીડિયો હાલ સામે આવ્યો છે. સુરત જિલ્લાના કામરેજ ચારરસ્તા પાસે એક ખાનગી લક્ઝરી બસમાં બસ ચાલકે થોડા રૂપિયાની લાલચે મુસાફરોનો જીવ જોખમમાં મૂકી દીધો હતો. લક્ઝરી બસની ઉપર બેસાડી દીધા હતા.




**રક્ષાબંધનના પર્વ પર મુસાફરો જીવ જોખમમાં મૂકી મુસાફરી કરતા હોય તેવો વીડિયો હાલ સામે આવ્યો છે. સુરત જિલ્લાના કામરેજ ચારરસ્તા પાસે એક ખાનગી લક્ઝરી બસમાં બસ ચાલકે થોડા રૂપિયાની લાલચે મુસાફરોનો જીવ જોખમમાં મૂકી દીધો હતો. લક્ઝરી બસની ઉપર બેસાડી દીધા હતા.**

એક જાગૃત વાહન ચાલકે આ જોખમી મુસાફરી પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી. સામે આવેલા વીડિયોમાં સ્પષ્ટ નજરે ચડે છે કે કેટલાક મુસાફરો જીવ જોખમમાં મૂકી કોઈપણ પ્રકારની સેફ્ટી વગર લક્ઝરી બસની ઉપર ચડી બેઠા છે. જો કોઈ મુસાફરને ઝોકું આવી ગયું અથવા શરીરનું સંતુલન ખોરવાય તો મોટો અકસ્માત થવાની શક્યતાઓ છે.

જો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ એવા પણ સવાલો ઊભા થયા છે. તેમજ તહેવારો પર તંત્ર વધુ બસોની વ્યવસ્થા કરે એ હાલ જરૂરી બન્યું છે.

## તાપી જિલ્લામાં રેશનિંગની દુકાનોની કામગીરીની સમીક્ષા

વ્યારા- તાપી જિલ્લા કલેક્ટર કચેરી વ્યારા ખાતે કલેક્ટર ડો. વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં કલેકટર દ્વારા વિવિધ માર્ગદર્શન આપી વન નેશન વન કાર્ડના લાભાર્થીઓમાં થતા વધારા અંગે પણ વિગતવાર ચર્ચાઓ કરી

આ બેઠકમાં ગ્રામ્ય તથા તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના તેમજ બેઠક મળવા બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. વ્યાજબી ભાવોની દુકાન પર આધાર આધારિત વિતરણ વ્યવસ્થા અંગેની સમીક્ષા, FPS દ્વારા ૧૦૦ % આધાર વેરિફાઇડ અનાજનું વિતરણ કરવા અંગે, જરૂરી જગ્યાએ રેશનિંગ દુકાનોના સ્થળમાં ફેરફાર કરવા અંગે, ચાર્જમાં ચાલતી વ્યાજબી ભાવની દુકાનોની સમીક્ષા તથા છેલ્લા માસ દરમિયાન NFSA હેઠળ નવા સમાવેશ થયેલ રેશનકાર્ડ, વ્યાજબી ભાવોની દુકાનોની તાપાસણી, વન નેશન વન કાર્ડના લાભાર્થીઓમાં થતા વધારા અંગે વિગતવાર ચર્ચાઓ કરી જિલ્લા કલેક્ટર ડો વિપિન ગર્ગે જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## પાલોદ ગામે ભરવાડ ચાલમાંથી ૨ લાખની કિંમતની રીક્ષાની ચોરી

## પીપોદરા મારૂતી શોરૂમનાં પાર્કિંગમાંથી ૨૫ હજાર કિંમતનું મોપેડ ચોરાયું




બારડોલી- કોસંબા પોલીસની હદમાં પાલોદ ગામની સીમમાં ભરવાડ ચાલમાં રહેતા લાલબાબુ ગગન સહાની ઉ. વ. ૨૮ રીક્ષા ડ્રાઇવીંગ કરી પરીવારનું ગુજરાન ચલાવતા હોય ત્યારે ગત રોજ પોતાની માલીકીની સીએનજી ઓટો રીક્ષા નં. જીજે- ૧૯-ડબ્લ્યુબી-૪૫૪૧ પોતાનાં ઘર આંગણે પોતાની માલીકીની રીક્ષા પાર્ક કરી હતી. ત્યારે કોઈ અજાણ્યો ચોર ઇસમ ઘર આંગણે પાર્ક કરેલી ૦૨ લાખ કિંમતની રીક્ષાની ચોરી કરી જતા રીક્ષા ચાલક લાલબાબુએ કોસંબા પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

માંગરોળ તાલુકાનાં પીપોદરા ગામની સીમમાં ભંભોરા પાટીયા નજીક આવેલા મારૂતી સુઝુકી શોરૂમની આગળ પાર્કિંગમાં નિલયભાઇ ભરતભાઇ પટેલ ઉ. વ. ૪૫ રહે કઠોર તા.કામરેજ પોતાનાં કબ્જાની ઉપરોક્ત મોપેડ નં. જીજે-૦૫-પીબી- ૬૦૪૬ કોઇ અજાણ્યો ચોર ઇસમ પાર્કિંગમાંથી ચોરી જતા મોપેડ માલીક નિલય પટેલે કોસંબા પોલીસ મથકે ૨૫ હજાર કિંમતની મોપેડ ચોરાયાની ફરીયાદ કરતા કોસંબા પોલીસે અજાણ્યા ઇસમ વિરૂધ ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.


## વ્યારાના મુસા ગામે ઘરનું તાળું તોડી રોકડ અને દાગીનાની ચોરી



વ્યારા- વ્યારા તાલુકાના મુસા ગામની સીમમાં આવેલ દ્વારકેશ સોસાયટીમાં ગત રાત્રી દરમિયાન તસ્કરો દ્વારા એક ઘરમાં પ્રવેશી સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા ચોરી કરી ભાગી ગયા હતા. જેને લઈને આ વિસ્તારમાં રહેતા લોકોમાં ચિંતાનો માહોલ ફેલાયો હતો.

તહેવારો શરૂ થવાની સાથે જ વ્યારા પંથકમાં તસ્કરો ફરી સક્રિય થતા લોકોમાં ભયનો માહોલ ફેલાઈ રહ્યો છે વ્યારા તાલુકાના મુસા ગામની સીમમાં આવેલી દ્વારકેશ સોસાયટીમાં રહેતા યોગેશભાઈ ચૌધરી ના ઘરે તસ્કરો દ્વારા રાત્રી દરમિયાન દરવાજાનું તાળું તોડી ઘૂસી ગયા હતા અને ઘરના કબાટ તોડી એક સોનાનો ઝૂમખો, મોટી સોનાની બુટ્ટી નાની સોનાની બુટ્ટી, એક ચાંદીના સાંકડા, મોટા ચાંદીની બંગડી અને નાના સાંકડા મળી રોકડા રૂપિયા ચોરી કરી ભાગી ગયા હતા. વ્યારા નગરને અડીને આવેલી વિવિધ સોસાયટીઓમાં તસ્કરો ફરી સક્રિય થવાને લઈને લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે ત્યારે વ્યારા પોલીસ દ્વારા આ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારે એવી માંગ ઉઠવા પામી છે.

## ખોડતળાવમાં પાલતું પશુઓનો શિકાર કરનારો દીપડો પાંજરમાં



વ્યારા- વ્યારા તાલુકાના ખોડ તળાવ ગામની સીમમાં છેલ્લા કેટલાક સમયથી એક દીપડા દ્વારા અવારનવાર ખેતરો અને રહેણાંક વિસ્તારમાં આવી જઈ પશુપાલકોના પાલતુ જાનવરોના શિકાર કરી ભયનો મહાન ઉભો કર્યો હતો. જેથી ગામમાં મુકાયેલા પાંજરામાં સોમવારે દીપડો પુરાઇ ગઇ હતો.

વ્યારા તાલુકો એ દિપડાઓ અભ્યારણ બની ગયો છે. દિપડાઓ નજરે પડવા એ સામાન્ય ઘટના બની ગઈ છે. તેવા સમયે વ્યારા તાલુકાના ખોડતળાવ છેલ્લા કેટલાક દિવસથી એક દિપડો અવારનવાર ખેડૂતો અને પશુપાલકો માટે ભયનો માહોલ ઉભો કરી દીધો હતો છેલ્લા કેટલાક દિવસથી રહેણાંક વિસ્તારમાં પશુપાલકોના પાલતુ જાનવરોનો શિકાર બનાવી આ વિસ્તારમાં હોય ઊભો થઈ ગયો હતો. ખેડૂતો પણ રાત્રે ખેતરે જવા માટે ભય અનુભવી રહ્યા હતા. દીપડાને પકડવા માટે ગ્રામજનોએ વ્યારા વન વિભાગ ને જાણ કરતાં વન વિભાગે પાંજરુ મૂક્યું હતું. બપોરે કદાવર દીપડો મારણ ખાવાની લાલચે પાંજરે પુરાઈ ગયો હતો બનાવને પગલે વન વિભાગના અધિકારી અને જીવ દયાના સભ્યો દ્વારા દિપડા નો કબ્જો લઈ જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની કવાયત હાથ ઘરાઈ હતી

## વાલોડમાં વરસતા વરસાદમાં જોખમી રમતોત્સવ ઉજવાયો

**કાદવ કીચડમાં રમત ચાલુ હોવા છતાં સદનસીબે ખેલાડીઓને કોઈ મોટી ઈજાઓ થઈ ન હતી, પરંતુ સંજોગ વિપરીત હોય તો ઘટના ગંભીર બની શકે.**



વાલોડ-વાલોડ તાલુકાની શાળાઓની તાલુકા કક્ષાની સ્પર્ધાઓ વાલોડ સ.ગો. હાઇસ્કુલ ખાતે યોજાઇ હતી, જેમાં કેટલીક સ્પર્ધાઓ વરસતા વરસાદમાં રમત ચાલુ રખાઇ હતી, ખાસ કરીને ખો ખો, કબડ્ડી જેવી રમતો નજરે જોતા કેટલીક ત્રુટીઓ જોવા મળી હતી, ચોમાસાની ઋતુ હોય સ્પર્ધાઓ ચાલુ હતી કે તે પહેલાં વરસાદ પડ્યો હોય જેને કારણે ગ્રાઉન્ડ પર સ્પર્ધા શરૂ થતાં જ કાદવની વચ્ચે રમત ચાલુ રાખવામાં આવતા ખેલાડીઓ રમતમાં દોડતા દોડતા કાદવમાં સ્લીપ થઈ જતાં હોવાના અનેક બનાવો બન્યા હતા, કૌવત અને કૌશલ્ય ધરાવતા ખેલાડીઓ અનેક વખતે કાદવના લીધે પોતાનું કૌશલ્ય બતાવે તે પહેલાં કાદવમાં સ્લીપ થઇ જતાં જલ્દી આઉટ થવાના બનાવો બન્યા હતા, કાદવ કીચડમાં રમત ચાલુ હોવા છતાં સદનસીબે ખેલાડીઓને કોઈ મોટી ઈજાઓ થઈ ન હતી, પરંતુ સંજોગ વિપરીત હોય તો ઘટના ગંભીર બની શકે.

ચોમાસામાં વરસાદને કારણે અનેક સમસ્યા સર્જાતી હોવાથી દોડ, કબડ્ડી, ખોખો જેવી આઉટડોર સ્પર્ધાનું આયોજન શિયાળા જેવી ઋતુંમાં કરવું જરૂરી છે. જેથી વિદ્યાર્થીઓની સલામતી જળવાઇ રહે અને પોતાનું કૌશલ્ય પુરા બળથી બતાવી શકે.

## કાકરાપારમાં સાત જુગારી ૧.૯૧ લાખના મુદ્દામાલ સાથે પકડાયા




વ્યારા- કાકરાપાર વિસ્તારના તાડકુવા ગામમાં કૃષ્ણનગરથી ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા આરોપીઓને રૂપિયા. ૧,૯૧,૬૧૦ ના કુલ મુદ્દામાલ સાથે ૭ લોકો ને ઝડપી પાડતી લોક્લ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ એ ઝડપી લીધા હતા.

કાક્રાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાક્રાપાર પોલીસની ચોપડા પર ની પેટ્રોલીગ અને સબ સલામતના બણગા ફૂંકતા તાપી જિલ્લા એલસીબી એ કામગીરી હાથ ધરી હતી. પેરોલ ફર્લો સ્કોડના પો. કો. વિનોદ ગોકળભાઇ તથા પો.કો હસમુખ વીરજીભાઈ નાઓને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી હતી કે વ્યારા ના તાડકુવા ગામમાં કૃષ્ણનગરમાં આવેલ પરબતભાઈ કેસુરભાઇ લગારીયાના ઘરની આગળના કેટલાંક ઈસમો જુગાર રમે છે. જે બાતમી આધારે રેડ કરતા હેમંતભાઇ ભાટીયા, ભરતભાઇ વારોતરીયા, નરેશભાઇ સોલંકી, પારસ સાંજી, વલ્લભભાઇ ભેડા, પરબતભાઇ કડોરીયા, મેરકભાઈ આહીર, મુકેશ પરમારને જુગાર રમતા દાવ પરના રોકડા ૨૨,૫૦૦ તથા અંગઝડતી મળી આવેલ રોકડા ૮૪,૧૧૦ તથા તથા મોબાઈલ નંગ- ૦૫ કિ. ૫૫,૦૦૦ તથા બાઇક કિ ૩૦,૦૦૦- મળી કુલ્લે કિ. ૧,૯૧,૬૧૦ ના મુદ્દામાલ સાથે અટક કરી હતી.

### નામ બદલેલ છે

મારૂ જૂનું નામ પહેલા **ભુમિરાજસિંહ વિજયસિંહ ચૌહાણ** હતું, જે બદલીને નવું નામ **ભૂમિરાજ વિજયસિંહ ચૌહાણ** રાખવામા આવેલ છે.

**લિ. ભૂમિરાજ વિજયસિંહ ચૌહાણ**

**સરનામું:** મોટુ રાજપૂત ફળિયું, ખાનપુર, તા: કામરેજ, જિ: સુરત ગ્રામ્ય-૩૯૪૩૨૦

### NAME CHANG

MY OLD NAME: **BHUMIRAJSINH VIJAYSINH CHAUHAN**
MY NEW NAME: **BHOOMIRAJ VIJAYSINH CHAUHAN**
**SIGN: BHOOMIRAJ VIJAYSINH CHAUHAN**
**ADDRESS:** MOTU RAJPUT FALIYU, KHANPUR,TA: KAMREJ DI:SURAT RURAL - 394320

### નામ બદલેલ છે

મારૂ જૂનું નામ પહેલા **હિરલબેન ભુમિરાજસિંહ ચૌહાણ** હતું, જે બદલીને નવું નામ **હિરલબેન ભૂમિરાજ ચૌહાણ** રાખવામા આવેલ છે.

**લિ. હિરલબેન ભૂમિરાજ ચૌહાણ**

**સરનામું:** મોટુ રાજપૂત ફળિયું, ખાનપુર, તા: કામરેજ, જિ: સુરત ગ્રામ્ય-૩૯૪૩૨૦

### NAME CHANG

MY OLD NAME: **HIRALBEN BHUMIRAJSINH CHAUHAN**
MY NEW NAME: **HIRALBEN BHOOMIRAJ CHAUHAN**
**SIGN: HIRALBEN BHOOMIRAJ CHAUHAN**
**ADDRESS:** MOTU RAJPUT FALIYU, KHANPUR,TA: KAMREJ DI:SURAT RURAL - 394320

### નામ બદલેલ છે

મારૂ જૂનું નામ પહેલા **સનતસિંહ ભુમિરાજસિંહ ચૌહાણ** હતું, જે બદલીને નવું નામ **સનતસિંહ ભૂમિરાજ ચૌહાણ** રાખવામા આવેલ છે.

**લિ. સનતસિંહ ભૂમિરાજ ચૌહાણ**

**સરનામું:** મોટુ રાજપૂત ફળિયું, ખાનપુર, તા: કામરેજ, જિ: સુરત ગ્રામ્ય-૩૯૪૩૨૦

### NAME CHANG

MY OLD NAME: **SANATSINH BHUMIRAJSINH CHAUHAN**
MY NEW NAME: **SANATSINH BHOOMIRAJ CHAUHAN**
**SIGN: SANATSINH BHOOMIRAJ CHAUHAN**
**ADDRESS:** MOTU RAJPUT FALIYU, KHANPUR,TA: KAMREJ DI:SURAT RURAL - 394320

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).